# ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોને સેમેસ્ટર પદ્ધતિથી ઉદ્દભવતી સમસ્યાઓનો અભ્યાસ

પટેલ હિતેશકુમાર રવજીભાઈ

સંશોધન વિદ્યાર્થી (B.A.O.U.)

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોને સેમેસ્ટર પદ્ધતિને લીધે ઉદ્દભવતી શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ માટે સંશોધકે ૧૫ વિધાનો વળી સ્વ નિર્મિત અભીપ્રાયાવલીનો ઉપયોગ કરીને ભુજ શહેરમાં આવેલી ઉચ્ચ પ્રાથમિક શાળામાં વર્ષ ૨૦૧૭માં કાર્ય કરતા ૧૦૦ શિક્ષકો પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી હતી. માહિતી એકત્ર કરવા માટે સંશોધકે ૧૫ વિધાનો વાળી એક પ્રશ્નાવાલીની રચના કરી હતી અને આંકડાશાસ્ત્રીય માપન કાઈ-વર્ગને આધારે પ્રત્યેક વિધાન તપાસ્યું હતું. પ્રસ્તુત અભ્યાસમાં નીચેના જેવા પરિણામો પ્રાપ્ત થયા હતા. સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકો માનશીક બેચેની અનુભવે છે તેમજ સેમેસ્ટર પદ્ધતિને લીધે વાલી મીટીંગનું આયોજન કરવામાં, પરિક્ષાઓનુ આયોજન કરવામાં, શૈક્ષણિક આયોજન પત્ર બનાવવામાં, સહ અભ્યાસિક પ્રવૃત્તિ કરવામાં, વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવવામાં, યોગ્ય અધ્યાપન કાર્ય કરવામાં, બાળકોને અભ્યાસ પ્રત્યે અભિમુખ કરવામાં, વિષયને યોગ્ય ન્યાય આપવામાં, અભ્યાસનું પુનરાવર્તન કરાવવામાં, શિક્ષણમાં નવીન પદ્ધતિનો ઉપયોગ કરવામાં, બાળકોનું વ્યક્તિગત ધ્યાન આપવામાં, તાસ આયોજનમાં, અને વિષયવસ્તુની તૈયારી માટે યોગ્ય સમય ફાળવવામાં ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોને સમસ્યાઓ ઉદ્દભવે છે.

## ૧. પ્રસ્તાવના

ભારતીય સમાજ વ્યવસ્થામાં દરેક વર્ગ શિક્ષણની સમાન તકથી વંચિત રહ્યો છે. તેના તરફ વિશેષ ધ્યાન આપીએ તો તેની વિશિષ્ટ જરૂરિયાતો તરફ ધ્યાન આપવાની બાબત પર ૧૯૮૬થી નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ વધુ ભાર મુકે છે.શિક્ષણની સમાન તકો માત્ર શિક્ષણના પ્રસાર માટે જ નહિ પરંતુ શિક્ષણમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પણ હોવી જોઈએ.

સ્વતંત્રતા બાદ ભારત દેશના દરેક રાજ્યમાં શિક્ષણનો પ્રચાર અને પ્રસાર વધતો જાય છે. મોટાભાગના ગામડાઓમાં પ્રાથમિક શાળાઓ શરુ કરવામાં આવી છે. સરળ અને સુગમ શિક્ષણ એ શિક્ષકો અને વિદ્યાર્થી બંને માટે અતિ આવશ્યક છે. શિક્ષણના ક્ષેત્રમાં સરળતા લાવવા માટે પરિવર્તન અને પ્રયોગ પણ કરવામાં આવે છે. અને આવું જ એક પરિવર્તન છે સેમેસ્ટર પદ્ધતિ. ગુજરાત રાજ્યમાં શિક્ષણ પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક એન ઉચ્ચ શિક્ષણની જોગવાઈ છે. અને દરેક શિક્ષણના દરેક ક્ષેત્રમાં આજે સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં સેમેસ્ટર પદ્ધતિને લીધે ઘણું પરિવર્તન આવ્યું છે. સેમેસ્ટર પધ્ધતીના ફાયદા અને ગેરફાયદા બંને છે. સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોને ઘણી મુંજવણનો સામનો કરવો પડે છે. માટે પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોને સેમેસ્ટર પદ્ધતિને કીધે ઉદ્દભવતી સમસ્યાઓનો અભ્યાસ કરવાનો ઉપક્રમ રાખ્યો હતો.

ગોસ્વામી એચ.આર. (૨૦૦૨) દ્વારા થયેલા અંગ્રેજી શિક્ષણમાં ધોરણ ૮ના વિદ્યાર્થીના અધ્યયાન અને શિક્ષકોના અધ્યાપનમાં નડતી સમસ્યાઓના અભ્યાસમાં જોવા મળ્યું કે શિક્ષકો અંગ્રેજી ભાષામાં પ્રશ્નોતરી કરે છે અને વિદ્યાર્થીઓ અંગ્રેજીના પ્રશ્નોના જવાબ અને સ્પેલીંગો ગોખવા પડે છે. રાવલ આર.આર. (૨૦૦૫) દ્વારા થયેલા શિક્ષણ સહાયકોની સમસ્યાઓના અભ્યાસમાં જાણવા મળ્યુ કે શિક્ષણ સહાયકોને તેમના પગારધોરણ અને નોકરી માટે વતન છોડવાથી આર્થિક, સામાજિક, અને કૌટુંબિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

**૨ અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

૨.૧ ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની સેમેસ્ટર પદ્ધતિને લીધે ઉદ્દભવતી સમસ્યાઓ જાણવા માટે અભીપ્રાયાવલીની રચના કરવી.

૨.૨ ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની સેમેસ્ટર પદ્ધતિને લીધે ઉદ્દભવતી સમસ્યાઓ જાણવી.

**૩. સંશોધનનો પ્રશ્ન**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંશોધન પ્રશ્નની રચના કરી હતી જે આ પ્રમાણે હતો.

૩.૧ સેમેસ્ટર પદ્ધતિને લીધે ઉચ્ચ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા શિક્ષકોની સમસ્યાઓ કેવી હશે?

**૪. વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં ભુજ શહેરમાં આવેલ ઉચ્ચ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષકોનો સમાવેશ થતો હતો. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સહેતુક નમુના પદ્ધતિનો ઉપયોગ કરીને સરકારી અને ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૭માં નોકરી કરતા ૧૦૦ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કાર્ય હતા.

**૫ ઉપકરણ**

સંશોધકે પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણ તરીકે ૧૫ કલમો વાળી એક સ્વ નિર્મિત અભીપ્રાયાવલીની રચના કરી હતી.

**૬. પ્રશ્નાવલીની રચના**

સંશોધકે ઉપકરણ તરીકે સ્વ નિર્મિત અભીપ્રાયાવલીની રચના કરીને તેનો ઉપયોગ કર્યો હતો. આ માંટે સંશોધકે સૌ પ્રથમ સંદર્ભ સાહિત્યનો ગહન અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ સંશોધકે અભીપ્રાયાવલીના કાચા સ્વરૂપની ની રચના કરી હતી. જેમાં સંમત, તટસ્થ અને અસંમત એમ ત્રણ બિંદુ રાખીને કુલ ૨૫ કલમોની રચના કરી હતી. ત્યાર બાદ આ અભીપ્રાયાવલીની કલમો પત્યે તજજ્ઞ અભિપ્રાય લેવામાં આવો હતો. અને છેલ્લે બેવડાતી કે અયોગ્ય કલમોને દુર કરીને ૧૫ કલમો વાળી અંતિમ સ્વરૂપની અભીપ્રાયાવલીની રચના કરવામાં આવી હતી.

**૭. સંશોધન પદ્ધતિ અને તેનું અમલીકરણ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

માહિતી એકત્રીકરણ માટે સંશોધકે સૌ પ્રથમ અભીપ્રાયાવલીની રચના કરી હતી. ત્યાર બાદ ભુજ શહેરમાં આવેલી સરકારી અને ખાનગી ધોરણે ચાલતી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ૧૦૦ શિક્ષકોની રૂબરૂ મુલાકાત તેમજ ટપાલ પદ્ધતિનો ઉપયોગ કરીને અભીપ્રાયાવલીના જવાબો મેળવવામાં આવ્યા હતા.

**૮. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવા અભીપ્રાયાવલીની દરેક કલમ માટે આંકડાશાસ્ત્રીય માપન કાઈ-વર્ગનો ઉપયોગ કર્યો હતો કાઈ-વર્ગ દ્વારા મળેલ સાર્થકતાની કિમત 0.0૧ કક્ષાએ ૯.૨૧ અને 0.0૫ કક્ષાએ ૫.૯૯ રાખવામાં આવી હતી.

**સારણી ૧:શિક્ષકોના અભિપ્રાયો**

| વિધાનો | સંમત | તટસ્થ | અસંમત | કાઈ-વર્ગનું મુલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | 44 | 30 | 26 | 35.25 | 0.01 |
| 2 | 43 | 27 | 30 | 33.28 | 0.01 |
| 3 | 48 | 30 | 22 | 38.90 | 0.01 |
| 4 | 48 | 28 | 24 | 39.15 | 0.01 |
| 5 | 54 | 24 | 20 | 63.25 | 0.01 |
| 6 | 45 | 20 | 35 | 44.55 | 0.01 |
| 7 | 48 | 21 | 31 | 42.25 | 0.01 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 8 | 50 | 30 | 20 | 43.33 | 0.01 |
| 9 | 66 | 22 | 12 | 51.15 | 0.01 |
| 10 | 67 | 12 | 15 | 53.75 | 0.01 |
| 11 | 73 | 10 | 17 | 65.40 | 0.01 |
| 12 | 52 | 30 | 18 | 44.25 | 0.01 |
| 13 | 64 | 15 | 21 | 53.60 | 0.01 |
| 14 | 41 | 30 | 29 | 42.20 | 0.01 |
| 15 | 58 | 10 | 32 | 39.33 | 0.01 |

ઉપરોક્ત સારણી ૧માં દર્શાવેલ કાઈ-વર્ગ મુલ્ય પરથી વિવિધ અર્થઘટનો થઇ શકે છે.

સેમેસ્ટર પદ્ધતિને લીધે ઉદ્દભવતી સમસ્યાઓના સંદર્ભમાં રચેલી અભીપ્રાયાવલીના તમામ વિધાનોના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ કાઈ-વર્ગ મુલ્ય ૦.૦૧ કક્ષાએ સાર્થક છે. એટલે કે અભીપ્રાયાવાલીના તમામ વિધાનો સાથે શિક્ષકોની સમંતિ દેખાય છે તેમજ આ બાબતે મોટા ભાગના શિક્ષકોનો સ્પષ્ટ ઝોક દેખાય છે. આથી મોટાભાગના શિક્ષકોના મંતવ્યોને આધારે કહી સકાય કે સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોને સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

**૧૦. સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનના તારણો આ પ્રમાણે છે.

૧૦.૧ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકો માનશીક બેચેની અનુભવે છે

૧૦.૨ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોને વાલી મીટીંગનું આયોજન કરવામાં મુશ્કેલી નડે છે.

૧૦.3 સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોને પરિક્ષાઓનુ આયોજન કરવામાં મુશ્કેલી નડે છે.

૧૦.૪ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોને શૈક્ષણિક આયોજન પત્ર બનાવવામાં સમસ્યા નડે છે.

૧૦.૫ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોને સહ અભ્યાસિક પ્રવૃતિઓનું આયોજન કરવામાં સમસ્યા નડે છે.

૧૦.૬ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે ઓછી આત્મીયતા કેળવી શકે છે.

૧૦.૭ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકો યોગ્ય અધ્યાપન કાર્ય કરવામાં મુશ્કેલી અનુભવે છે.

૧૦.૮ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકો બાળકોને અભ્યાસ પ્રત્યે અભિમુખ કરાવવામાં મુશ્કેલી અનુભવે છે.

૧૦.૯ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકો પોતાના વિષયને યોગ્ય ન્યાય આપી શકતા નથી.

૧૦.૧૦ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકો અભ્યાસનું પુનરાવર્તન કરાવી સકતા નથી.

૧૦.૧૧ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોને અભ્યાસમાં નવીન પદ્ધતિનો ઉપયોગ કરવામાં સમસ્યા નડે છે.

૧૦.૧૨ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકો વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત ધ્યાન આપી સકતા નથી.

૧૦.૧૩ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોને તાસ આયોજનમાં મુશ્કેલી નડે છે.

૧૦.૧૪ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકો વિષયવસ્તુની તૈયારી માટે પુરતો સમયફાલવી સકતા નથી.

૧૦.૧૫ સેમેસ્ટર પદ્ધતિને લીધે શિક્ષકોને કાર્ય સંતોષ મળતો નથી.

**સંદર્ભસુચિ**

ઉચાટ, ડી.એ., (૧૯૮૮)., **સંશોધનનું સંદોહન**, રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી.

................, (૨૦૦૪). **માહિતી પર સંશોધન વ્યવહારો**, રાજકોટ : પારસ પ્રકાશન

................, (૨૦૧૨). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર**, રાજકોટ : પારસ પ્રકાશન.

પારેખ, બી.યુ. અને ત્રિવેદી એમ.ડી. (૧૯૯૪). **શિક્ષણમાં આંકડાશાસ્ત્ર** (ચતુર્થ આવૃત્તિ) અમદાવાદ : યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

શાહ, કે. એમ., (૨૦૦3). **શાળા સંચાલન અને શૈક્ષણિક સંગઠન**, અમદાવાદ : અનડા પ્રકાશન

શાહ, ડી.બી., (૨૦૦૪). **શૈક્ષણિક સંશોધન અમદાવાદ** : યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ